## (1) રાઈન (Rhine) નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે યુરોપની સૌથી લાંબી નદી છે.
(2) તે યુરોપના 18 દેશોમાંથી પસાર થાય છે.
(3) તેનો ઉદ્‌ભવ સ્વિસ આલ્પ્સ પર્વતમાળામાંથી થાય છે.
(4) વર્તમાન સમયે આ નદીમાં પાણીના ઘટેલાં સ્તરની સમસ્યા જોવા મળી રહી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વર્તમાન સમયે જર્મનીમાંથી પસાર થતી રાઈન નદી તેના બે દશકના પાણીના સૌથી નીચા સ્તરની સમસ્યામાંથી પસાર થઈ રહી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ જર્મનીમાં રાઈન નદીનું પાણી એપ્રિલ 2020ની સાપેક્ષે 40% ઘટી ગયું છે. આ કારણે વહાણ–પરિવહનને ખલેલ પહોંચી શકે તેમ છે.

⇛ રાઈન નદીનો ઉદ્‌ભવ સ્વિત્ઝર્લેન્ડમાં સ્વિસ આલ્પ્સ પર્વતમાળામાંથી થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ નદી મધ્ય અને પશ્ચિમ યુરોપની બીજા ક્રમની સૌથી લાંબી નદી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ નદી આ છ દેશમાંથી પસાર થાય છે :
સ્વિત્ઝર્લેન્ડ, લિકટેન્સ્ટાઈન (Liechtenstein), ઓસ્ટ્રિયા, જર્મની, ફ્રાંસ અને નેધરલેન્ડ. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ નદી નોર્થ સી (North Sea)માં અંત પામે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) આદિત્ય સોલાર ફેરી (Ferry) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ફેરી કેરળમાં ચાલે છે.

(2) તે ભારતની પ્રથમ સૂર્ય–ઊર્જા સંચાલિત ફેરી છે.

(3) તે ભારતની સૌથી મોટી સૂર્ય–ઊર્જા સંચાલિત બોટ છે.

(4) તેનું સંચાલન કેરળ સ્ટેટ વોટર ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
`(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ આદિત્ય કેરળમાં આવેલ વાઈકોમ અને થવાનાક્કાડાવું વચ્ચે કાર્યરત બોટ ફેરી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનું લોંચીંગ નવેમ્બર 2016માં કરવામાં આવ્યું હતું તથા તે વર્ષ 2017થી કાર્યરત છે.

⇛ તે ભારતની પ્રથમ સૂર્ય–ઊર્જા સંચાલિત ફેરી છે તથા તે ભારતની સૌથી મોટી સૂર્ય–ઊર્જા સંચાલિત બોટ પણ છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ તેનું નિર્માણ નેવાલ્ટ સોલાર એન્ટ ઈલેક્ટ્રીક્સ બોટ્સ, કોચી દ્વારા કરવામાં આવ્યું હતું.

⇛ તેનું સંચાલન કેરળ સ્ટેટ વોટર ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સૂર્ય–ઊર્જા સંચાલિત બોટ દ્વારા ધ્વનિ તથા વાયુ પ્રદૂષણ થતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ARPIT Pod વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું પૂરુંનામ Airborne Rescue Pod for Isolated Transportation છે.

(2) આ પોડનો ઉપયોગ ચેપી રોગ ધરાવતા ગંભીર દર્દીઓને બચાવવા (Rescue) માટે કરવામાં આવશે.

(3) તેમાં વેન્ટિલેશનની પણ સુવિધા છે.

(4) તેનું નિર્માણ DRDO દ્વારા કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતીય વાયુ સેના દ્વારા ARPITનું ડિઝાઈનીંગ તથા નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત તેને સેવામાં પણ સમાવિષ્ટ કરેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ARPITનું પૂરુંનામ Airborne Rescue Pod for Isolated Transportation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પોડનો ઉપયોગ ઊંચાઈએ આવેલા સ્થળો, દુર્ગમ સ્થળો કે વિખૂટા સ્થળોમાંથી ચેપી રોગ ધરાવતાં ગંભીર દર્દીઓને બચાવવા માટે કરવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ચેપી રોગમાં COVID-19નો પણ સમાવેશ થાય છે.

⇛ આ પ્રણાલિની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી હવાઈ મુસાફરી દરમિયાન આ ચેપ અન્ય સ્ટાફ કે મેડીકલ ટીમને ફેલાય નહીં.

⇛ આ પ્રણાલિમાં વાયુના યોગ્ય અવર–જવરની સુવિધા, મેડીકલ ઉપકરણો અને વેન્ટિલેશનની પણ સુવિધા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ દર વર્ષે 8 જૂને ઉજવવામાં આવે છે.

(2) આ દિવસ ઊજવવાની શરૂઆત વર્ષ 2015થી કરવામાં આવી હતી.

(3) આ વર્ષે આ દિવસની થીમ 'ઈનોવેશન ફોર અ સસ્ટેનેબલ ઓશન' છે.

(4) ટકાઉ વિકાસ લક્ષ્ય–14 (SDG-14) સમુદ્ર સાથે સંકળાયેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 8 જૂને વિશ્વ સમુદ્ર દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ માણસ સમુદ્ર પાસેથી કેટલા લાભ મેળવે છે એ બાબત વિશે જાગૃતતા ફેલાવવાના હેતુથી આ દિવસ ઊજવવામાં આવે છે.

⇛ વર્ષ **2008**માં સંયુકત રાષ્ટ્રની સામાનય સભા દ્વારા આ દિવસને નિર્ધારિત કરવામાં આવ્યો હતો અને ત્યારબાદથી આ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ વર્ષ **2020** માટે આ દિવસની થીમ 'ઈનોવેશન ફોર અ સસ્ટેનેબેલ ઓશન' રાખવામાં આવી છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આપણા જીવનમાં સમુદ્ર વિવિધ રીતે મદદ કરે છે. દા.ત. ઓકિસજનના સ્ત્રોત તરીકે, પરિવહન માટે, અર્થતંત્ર માટે, આબોહવા તથા વાતાવરણના નિયંત્રક તરીકે વગેરે.

⇛ ટકાઉ વિકાસ લક્ષ્ય-**14** આ મુજબનું છે : 'ટકાઉ વિકાસ માટે સમુદ્ર, દરિયા તથા જળ સ્ત્રોતનું સંરક્ષણ કરવું તથા તેનો ઉપયોગ ટકાઉ રીતે કરવો.' (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) તાજેતરમાં ભારતનાં ફોરેક્ષ રિઝર્વમાં લોકડાઉન હોવાં છતાં વધારો થઈ રહયો છે. આ માટેના કારણો નીચેનામાંથી પસંદ કરો ?

(1) FPI (ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર)નું ઘટતું જતું રોકાણ.

(2) FDI (પ્રત્યક્ષ વિદેશી રોકાણ)માં વધારો.

(3) ક્રુડ તેલના ભાવમાં ઘટાડો.

(4) ભારતીયોની ઘટેલી વિદેશી મુસાફરી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ વૈશ્વિક મહામારી તથા લોકડાઉન હોવા છતાં ભારતના ફોરેક્ષ રિઝર્વમાં વધારો થઈ રહયો છે તથા તે નજીકના સમયમાં 500 બિલિયન ડોલરથી પણ વધી જશે.

⇛ ફોરેક્ષ રિઝર્વ તરીકે સોનું, SDR (સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ) તથા વિદેશી મુદ્રા હોય છે.

⇛ ફોરેક્ષ રિઝર્વનું નિયમન RBI દ્વારા કરવામાં આવે છે.

⇛ ફોરેક્ષ રિઝર્વ વધવાના કારણો :

- FDI તથા FPIમાં થઈ રહેલો વધારો. (આથી, વિધાન (1) ખોટું છે જ્યારે વિધાન (2) સાચું છે.)
- ક્રુડ તેલના ભાવમાં ઘટાડો થતાં ભારતના આયાતી બિલમાં ઘણો ફાયદો થયો છે જેથી ફોરેક્ષ રિઝર્વ વધ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- બહાર જતાં નાણાં (Overseas Remittances) તથા વિદેશી મુસાફરીમાં ઘટાડો થયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT